## જન્મદિને વધામણી



**જતિન ઓઝા**
કાર્યપાલક ઈજનેર
દાંડી કુટિર (મહાત્મા મંદિર)
મો. ૯૪૨૬૪ ૬૪૬૧૦



**મૃગેન્દ્ર દેસાઈ**
મો. ૯૮૨૫૮ ૫૪૩૬૭



**કેતન ભટ્ટ**
મો. ૯૪૨૬૭ ૬૯૫૯૯



**આદિત્ય ઉપાધ્યાય**
મો. ૯૮૭૯૫ ૭૭૦૯૪



**મિહીર પરેશભાઈ રાવળ**

### મુસ્લિમ ઍજ્યુકેશન ઍન્ડ વૅલ્ફૅર ઍસોસિએશન, ગાંધીનગર દ્વારા

# પંદરમો ઈનામ વિતરણ સમારોહ રવિવારે બપોરે બ્રહ્માણીકૃપા હૉલમાં

**સમારોહ અંતર્ગત વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન અને અભ્યાસાર્થે વિદેશ જવા માટે લોન મેળવવા બાબતમાં ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવશે**

ગાંધીનગર, તા. ૬

મુસ્લિમ ઍજ્યુકેશન ઍન્ડ વૅલ્ફૅર ઍસોસિએશન, ગાંધીનગર દ્વારા શહેરમાં પંદરમા ઈનામ વિતરણ સમારોહનું આયોજન આગામી રવિવારે કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ ઈનાયતઅલી સૈયદ અને માનદ્ સામાન્ય મંત્રી રફીક આઈ મન્સુરીએ જણાવ્યું છે કે પ્રતિવર્ષની માફક મુસ્લિમ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવા માટે સમારોહનું આયોજન આગામી રવિવાર, તા. ૮ ઑક્ટોબરના રોજ બપોરે ૨.૩૦ કલાકે બ્રહ્માણી કૃપા મૅમોરિયલ હૉલ, ફાર્મસી કૉલેજ કંપાઉન્ડ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સૅક્ટર-૨૩, ખાતે યોજવામાં આવ્યો છે.

આ સમારોહના પ્રમુખ તરીકે અધિક રજિસ્ટ્રાર અને સીઈઓ, રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર નિસારઅહેમદ બી શેખ, મુખ્ય મહેમાન તરીકે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, ગાંધીનગર મુખ્ય બ્રાન્ચના આસીસ્ટન્ટ જનરલ મૅનેજર હરિનક્ષી શર્મા, અને રીપબ્લિક હાઈસ્કૂલ, અમદાવાદના પ્રિન્સિપાલ રફીકભાઈ કોઠારીયા ઉપસ્થિત રહેશે. સમારોહ અંતર્ગત હરિનક્ષી શર્મા દ્વારા શૈક્ષણિક લોન અને અભ્યાસાર્થે વિદેશ જવા માટે લોન મેળવવા બાબતમાં ઉપયોગી માર્ગદર્શન પણ આપવામાં આવશે.

# આર જી-ઍસ બી પટેલ કન્યા શાળાનાં બે શિક્ષકોનો નિવૃત્તિ વિદાય સમારોહ

ગાંધીનગર, તા. ૬

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાના રમેશભાઈ માલવિયા અને પ્રીતિબેન શુક્લાનો નિવૃત્તિ વિદાય સમારોહ તાજેતરમાં શાળા ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

ધોરણ-૧૨ની વિદ્યાર્થીની પાયલ પટણી ઉપરાંત સ્ટાફ મૅમ્બર હંસાબેન પટેલ, ગીતાબેન પટેલ, નારણભાઈ બારોટ, શિરોજાબેન મનસુરીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. મયંકભાઈ પટેલ અને જશુભાઈ સુતરિયાએ સન્માનપત્રનું વાચન કરીને સન્માનપત્ર વિદાય લઈ રહેલા બંને શિક્ષકોને સુપ્રત કર્યું હતું.

ત્યારબાદ બંને શિક્ષકોએ પોતાના કાર્યકાળનાં સંભારણાં સૌ સાથે વહેંચ્યાં હતાં, જેના કારણે ખૂબ લાગણીસભર વાતાવરણ સર્જાયું હતું.

આચાર્ય સુધાબેન પટેલે બંને શિક્ષકોને સ્વસ્થ દીર્ઘાયુ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન કામિનીબેન મંહતે, આયોજન મયંકભાઈ પટેલ, જશુભાઈ સુતરિયા અને રમણભાઈ પટેલે કર્યું હતું.

# રાજ્યના પ્રથમ 'સાયબર ડિફેન્સ સેન્ટર'નો શુભારંભ





**ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે આયોજિત સાયબર સિક્યોરિટી કોન્ફર્સમાં નેપાળ અને ભારતના ૬૦૦થી વધુ સાયબર તજ્જ્ઞો, પોલીસ અધિકારીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા**

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે બે દિવસીય આંતરરાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ એન્ડ સાયબર સિક્યોરિટી કોન્ફરન્સનો પ્રારંભ ગુરુવારે કરવામાં આવ્યો હતો.

સાયબર ક્રાઈમ નિયંત્રણ માટે સંશોધન ખૂબ જ જરૂરી છે. સાયબર ક્રાઈમ અટકાવવા અંગે વ્યક્તિગત કાળજી અને સાવચેતી રાખવી પડશે. આ બે દિવસીય વૈશ્વિક કોન્ફરન્સ સાયબર ગુનાઓ અટકાવવા અને સંશોધન ક્ષેત્રે નવા કીર્તિમાન પ્રસ્થાપિત કરશે તેમ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ઈન્ફોર્સકોન-૨૦૧૭ - ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ફોરેન્સિક સાયન્સીસ એન્ડ સાયબર સિક્યોરિટીનો શુભારંભ કરાવતાં હાઈકોર્ટના જજ એમ.આર.શાહે જણાવ્યું હતું.

મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંઘે કોન્ફરન્સને ગ્લોબલ કોન્ફરન્સ ગણાવી કહ્યું હતું કે, એડવાન્સ ટેક્નોલોજીના ઉપયોગથી સાયબર સિક્યોરિટી વધુ મજબૂત બનાવી સાયબર ક્રાઈમને અટકાવી શકાય. ડિજિટલ ઈન્ડિયાને બળ આપવા આજે ઓન લાઈન ખરીદીનો વ્યાપ ખૂબજ વધ્યો છે, ત્યારે સાયબર સુરક્ષા અતિ મહત્વની છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ હવે સબસિડી જેવા લાભો સીધા જ લાભાર્થીના ખાતામાં જમા કરે છે.

આગામી સમય ડિજિટલ વર્લ્ડ ઉપર આધારિત હશે એટલે તમામ ક્ષેત્રે આપણે સજાગ રહેવું પડશે, તેમ જણાવી આજની આ વૈશ્વિક કોન્ફરન્સની સફળતા માટે સૌને શુભેચ્છાઓ આપી હતી.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ. એસ. ડાગુરે વર્ષ ૨૦૦૧માં યુરોપમાં તેમની સાથે બનેલી સાયબર ક્રાઈમ ઘટના વિશે જણાવતાં કહ્યું હતું કે, આજથી ૧૫-૧૬ વર્ષ પહેલાં યુરોપિયન દેશોમાં સાયબર ગુનાઓ અટકાવવા માટેની વ્યવસ્થા ઉભી કરાઈ છે.

રાજ્યની FSU જેવી વૈશ્વિક સંસ્થાએ સાયબર ક્રાઈમના પાસાઓ અને સિક્યોરિટી ક્ષેત્રે ખૂબજ સંશોધન કર્યું છે. આ બે દિવસની સાયબર સિક્યોરિટી કોન્ફરન્સ સાયબર સુરક્ષા માટે ખૂબજ મહત્વની સાબિત થશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે રાજ્યના પ્રથમ ''સાયબર ડિફેન્સ સેન્ટર'' નો શુભારંભ પણ કરવામાં આવ્યો હતો અને ઉપસ્થિત મહેમાનોના હસ્તે સાયબર અંગેના ''વૈશ્વિક સોવિનીયર''નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

બી.પી.આર.એન્ડ ડી. (તાલિમ), નવી દિલ્હીના ડાયરેક્ટર સુંદરી નંદાએ સાયબર ક્રાઈમ અને તેની સામે સુરક્ષાના પગલાં કેવી રીતે લેવા તે સંદર્ભે પોતાના વર્ષોના અનુભવો રજૂ કર્યા હતા.

GFSUના ડાયરેક્ટર જનરલ ડૉ. જે.એમ.વ્યાસે સ્વાગત પ્રવચન કરીને વર્ષ ૨૦૦૯માં સ્થપાયેલી દેશની પ્રથમ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીની વિકાસ યાત્રાની વિગતો આપી હતી.

GFSUના ડાયરેક્ટર ડૉ. એમ. એસ. દહિયાએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે મહાનુભાવોને હસ્તે ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે પોતાના વિશેષ પ્રદાન બદલ ડૉ. એમ.એસ.દહિયાને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ, ડૉ. રૂપમણી કૃષ્ણમૂર્તિને સ્પેશ્યલ એવોર્ડ તેમજ વરિષ્ઠ IPS અધિકારી કેશવકુમાર અને ડૉ. ધનરાજ કોઠારીને સ્પેશ્યલ રેકગનાઈઝેશન એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. આ સાયબર સુરક્ષા અંગેના સેમિનારમાં યુ.એસ.એ. અને નેપાળ ઉપરાંત ભારતના વિવિધ રાજ્યોમાંથી ૬૦૦ થી વધુ સાયબર તજજ્ઞો, પોલીસ અધિકારીઓ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# સ્ટેટ ટેબલ ટેનિસમાં જલય મહેતા - હેલી શાહ ચેમ્પિયન



ગાંધીનગર, તા. ૫

આવતા મહિને યોજાનારી પ્રતિષ્ઠિત સ્ટેટ અને આંતર જિલ્લા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ અગાઉ પાંચમા ક્રમની અમદાવાદી ખેલાડી હેલી શાહે ગાંધીનગર ખાતે શાનદાર સફળતા હાંસલ કરી હતી. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે યોજાયેલી પાંચમી અમુલ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૧૭ના અંતિમ દિવસે હેલી શાહે બીજા ક્રમની ફિલઝાહ કાદરીને હરાવીને વિમેન્સ સિંગલ્સ ટાઈટલ જીતી લીધું હતું.

''અગાઉ હું મારી રમત પર ધ્યાન કેન્દ્રિત કરી શકી ન હતી કેમ કે હું તાજેતરમાં જ ઈનકમ ટેક્સ વિભાગમાં નોકરીમાં જોડાઈ છું પરંતુ હવે હું એ બધું સરભર કરવા માટે સક્ષમ બની ગઈ છું. મેં આકરી પ્રેક્ટિસ કરી હતી અને મને તેનું ફળ મળ્યું છે. છ ટુર્નામેન્ટ બાદ મારા માટે આ પ્રથમ ટાઈટલ છે અને મને તેનાથી સંતોષ છે.'' તેમ હેલીએ જણાવ્યું હતું, છેલ્લે તે જુલાઈ ૨૦૧૬માં આણંદ ખાતે યોજાયેલી ચોથી સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટમાં જીતી હતી. અગાઉ સેમિફાઈનલમાં હેલીએ મોખરાના ક્રમની સંસ્કૃતિ માલપાણીને ૧૧-૫, ૭-૧૧, ૧૩-૧૫, ૧૧-૫, ૧૫-૧૩, ૯-૧૧, ૧૧-૮થી હરાવી હતી. ઈજાને કારણે ફેનાઝ છિપીયા આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકી ન હતી.

જયારે મેન્સ સિંગલ્સની ફાઈનલમાં બીજા ક્રમના જલય મહેતાએ મોખરાના ક્રમના જિજ્ઞેશ જયસ્વાલને ૪-૦ થી હરાવીને ટાઈટલ જીતી લીધું હતું અને આ સાથે જલયે ચોથી વખત જયસ્વાલને હરાવ્યો હતો. આ વખતે તેનો ૧૧-૧, ૧૧-૬, ૧૧-૩, ૧૧-૭થી વિજય થયો હતો.

વડોદરાના જલય મહેતાએ પ્રારંભથી જ આક્રમક રમત દાખવી હતી. અગાઉ સુરત અને જામનગરમાં ચેમ્પિયન બનેલા જલય મહેતાએ તેના હરીફને જરાય તક આપી ન હતી. ભાવનગરની સ્ટેટ બેંકના કર્મચારી જિજ્ઞેશે મેચ બાદ જણાવ્યું હતું કે ''તેણે કેટલાક આક્રમક ટોપ સ્પિન શોટની સાથે સાથે બોડી લાઈન શોટ ફટકાર્યા હતા જે મારા માટે અઘરા થઈ પડ્યા હતા. તેણે શાનદાર રમત દાખવી હતી અને આજનો દિવસ તેનો જ રહ્યો હતો.''

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) નોબલ પુરસ્કાર સમિતિ દ્વારા ૨૦૧૭નો સાહિત્ય માટેનો નોબલ પુરસ્કાર કયા સાહિત્યકારને આપવાની જાહેરાત થઈ છે ?
(એ) ઈશીગુરો જીંગરીંગ
(બી) કાજુઓ ઈશીગુરો
(સી) લી. કેકીસોંગ
(ડી) લી. યમશોની

(૨) કાજુઓ ઈશીગુરોને કયા ઉપન્યાસ માટે વર્ષ ૨૦૧૭નો નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો છે ?
(એ) રોલન વીક (બી) રીમેસ ફેમીલી
(સી) લાસ્ટ ડે ઓફ લાઈફ (ડી) રીમેંસ ઓફ ધ ડે

(૩) દેશભરમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતા અભિયાનનું નામ શું છે ?
(એ) પર્યટન પર્વ (બી) ઘૂમંતૂ પર્વ
(સી) ભ્રમણ પર્વ (ડી) દેશ ઘૂમો પર્વ

(૪) કયા રાજ્યની સરકારે દેવરી કિસાન મહાસંમેલનમાં ૧૮૦૦ કરોડ રૂપિયાની માઈક્રો સિંચાઈ પરિયોજનાની જાહેરાત કરી છે ?
(એ) બિહાર (બી) ઉત્તર પ્રદેશ
(સી) મધ્યપ્રદેશ (ડી) કર્ણાટક

(૫) તાજેતરમાં વિશ્વની કઈ સંસ્થાએ વર્લ્ડ યુનિવર્સિટી રેંકિંગ ૨૦૧૮ની જાહેરાત કરી છે ?
(એ) ટાઈમ્સ હાયર ઍજ્યુકેશન (બી) ફોર્બ્સ
(સી) ધી ઍજ્યુકેશન (ડી) ઍજ્યુકેશન વર્લ્ડ

(૬) પ્રસિદ્ધ ફોર્બ્સ મૅગેઝીને ૨૦૧૭ના સૌથી અમીર ૧૦૦ ભારતીયની યાદીમાં પ્રથમ ક્રમ કયા ઉદ્યોગપતિને આપ્યો છે ?
(એ) અજીજ પ્રેમજી (બી) મુકેશ અંબાણી
(સી) ગૌતમ અદાણી (ડી) નારાયણ મૂર્તિ

(૭) આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે અન્ડર-૧૯ ક્રિકેટ વિશ્વ કપ-૨૦૧૮ના બ્રાન્ડ ઍમ્બેસેડર તરીકે કોની નિયુક્તિ કરી છે ?
(એ) સૌરવ ગાંગુલી (બી) નિસાર અહમદ
(સી) ફ્લિન્ટોફ (ડી) ઍન્ડરસન

(૮) યુરોપીય રેસિંગ ચૅમ્પિયનશીપ જીતનાર ભારતીય મહાવીર રઘુનાથ કયા રાજ્યના રહેવાસી છે ?
(એ) આંધ્રપ્રદેશ (બી) મધ્યપ્રદેશ
(સી) કેરલ (ડી) તામિલનાડુ

(૯) ભારતીય સ્ટેટ બેન્કના નવા ચેરમેનપદે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી છે ?
(એ) અવનીશ કુમાર (બી) રજનીશ કુમાર
(સી) અવીનાશ કુમાર (ડી) રાજન કુમાર

(૧૦) કેન્દ્રીય આરોગ્ય સેવા સહિતના કેન્દ્રીય તબીબોની નિવૃત્તિ વય ૬૨થી વધારીને કેટલી કરવામાં આવી છે ?
(એ) ૬૫ (બી) ૬૬
(સી) ૬૭ (ડી) ૬૮

# ગાંધીમૂલ્યોની અવગણના ગંભીર સમસ્યાઓને જન્મ આપે છે

આજકાલ વીઆઈપી નેતાઓનું સન્માન કરવા હાથીની સૂંઢ જેવા જબરદસ્ત હારતોરા કરવાનો ગાંડો અને મૂર્ખતાભર્યો દેખાવ કરવામાં આવે છે અને નેતાઓ પણ ડોક વાંકી કરીને આવા હાથીની સૂંઢ જેવા હારતોરા ચાર જણા પકડીને ઊંચો રાખે અને વચ્ચે નેતાજી ડોક ધરી હાર સ્વીકારે ત્યારે ઘડીભર તો એમ થાય છે કે ચાર જણાએ હાર પકડવાને બદલે હાર પહેરવાની દેવાય તો નેતાજીની હાલત કેવી થાય ?

લોકો આવા હારતોરાનો દેખાવ જોઈ હસતા હોય છે, એમાં સન્માન કરનારા અને સન્માન પામનારા બંને માટે લોકમાનસમાં કેવી અસર થતી હોય છે તેનો કદિ વિચાર કર્યો છે ખરો? નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા નેતાઓએ હવે આવા હાથીની સૂંઢ જેવા દસ મણના હારથી કોઈ સન્માન ન કરે તેવી સૂચના જારી કરી છે તે સારી વાત છે. મોદીજીએ તો માત્ર એક ફૂલથી જ સ્વાગત કરવાની વાત કરી છે એ ઘણું સારું છે.

હાથીની સૂંઢથી સન્માન કરવાથી પોતાનો માન-મરતબો વધી જશે એવા ભ્રમમાં રાચવાનું નેતાઓએ હવે બંધ કરવાની જરૂર છે.

**- પ્રો. ઇન્દુભાઈ ભટ્ટ**

લોકશાહીનું પાવન પર્વ એવી ચૂંટણીના ગુજરાતના આંગણે પડઘમ વાગી રહ્યાં છે અને તે જોતાં વિવિધ પક્ષોના મોટાભાગના તકવાદી નેતાઓ ગાંધીજીનું નામ વટાવવાના તમામ પ્રયત્નો કરશે એ વાતમાં કોઈ નવાઈ જેવું નથી. રોજેરોજ જાહેર જીવનમાં લેશમાત્ર ગાંધીજીને ન ગણકારતા અને સત્ય અને અહિંસા જેવા ગાંધીજીવનના પાયાના સદગુણો પોતાના જીવનમાં ન અપનાવતા મોટાભાગના નેતાઓ તો માત્ર દેખાડો કરવામાં શૂરા છે. આવા નેતાઓ ગાંધીજીના નામે ઔપચારિકતા કરતાં શરમાતા નથી, જે આજના સમયની કડવી વાસ્તવિકતા છે. અને પ્રજાનો આત્મા તો ગોતવા જવો પડે એમ છે. આવી ઘેટાઓની ટોળાશાહી પડતા ઉપર પાટુ મારવા તૈયાર જ છે. મોટાભાગના ચૂંટાયેલા નેતાઓમાં પ્રજાના કલ્યાણ કરતાં પક્ષોની ચમચાગીરી અને અંગત સ્વાર્થ જ દેખાય છે જે સમાજમાં સ્વીકૃત દૂષણ હોવાની પ્રતીતિ થાય છે અને તે સમાજ માટે અત્યંત દુખની બાબત છે.

ઉમેદવારની જાહેર છબિ સ્વચ્છ હોય અને વિધાનસભામાં સ્વસ્થ ચર્ચા માટે ઉમેદવાર સક્ષમ થાય તો જ પ્રજાકલ્યાણ થાય એવી જરૂરિયાત પ્રજાના માનસમાં ભૂંસાતી જાય છે. આ સિવાય સરકારની વાજબી અને તર્કસંગત ટીકા કરનાર વર્ગ પણ જાણે-અજાણે લોકશાહીમાં સીધી ભાગીદારી આપતા અચકાય છે. જેના પરિણામો આપણે રોજ ભોગવી રહ્યા છીએ. જેના પરિણામે વૈશ્વિક નેતા એવા આપણા પોતાના મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ ગુજરાતમાં પણ ગાંધીમૂલ્યોની અવગણના ગંભીર સમસ્યાઓને જન્મ આપે છે અને આપશે પણ ખરી જે નકારી ના શકાય તેવી વાસ્તવિકતા છે. તો ચાલો, ગાંધીજી પાસે આવી તમામ સમસ્યાઓના ઉકેલ માટે જઈએ. પ્રજા અને એક નાગરિક તરીકે ચાલો, કમ-સે-કમ એકાદ વિચાર અપનાવી ગાંધીમય બની જોઈએ. અઠવાડિયામાં કમ-સે-કમ એકાદ દિવસ 'હિંસા નહીં કરું, અસત્ય નહીં બોલું, મતદાન તો ગાંધીવિચારને અપનાવેલ ઉમેદવારને જ કરીશ' જેવા થઈ શકે તેવા નિયમો સમાજમાં મોટાપાયે સકારાત્મક પરિણામો આપશે. તો સ્વસ્થ સમાજ માટે ચાલો, ફરી ગાંધીવિચારને નવેસરથી અમલમાં મૂકીએ.

**- મેહુલ પ્રજાપતિ**

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ્સની ફી અચાનક જ ૨૦૦ રૂપિયા જેટલી વધારી દેવામાં આવી છે : બાળકદીઠ ૨૦૦ રૂપિયાનો ફી વધારો એ સામાન્ય પરિવારો માટે બહુ મોટી બાબત છે

**તંત્રીને પત્ર**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળે હમણાં આઘાતજનક નિર્ણય કર્યો છે. મંડળ સંચાલિત સ્કૂલ્સની ફી અચાનક જ ૨૦૦ રૂપિયા જેટલી વધારી દેવામાં આવી છે. આવું શા માટે? આમ તો મંડળનો વર્ષોથી એવો દાવો હતો કે 'અમે સમાજને શિક્ષણની સેવા આપીએ છીએ' અને લોકોમાં થતી વાતોને સાચી માનવામાં આવે તો મંડળને સમાજ દ્વારા માતબર દાન પણ વર્ષોથી પ્રાપ્ત થાય છે. એવુંય સાંભળ્યું છે કે એક જમાનામાં તો મંડળ માત્ર આવા સામાજિક દાન પર જ નભતું હતું ને એટલે ક્યારેય મંડળને પોતાના ખર્ચની કે કમાણીની ચિંતા નહોતી થઈ.

ને હવે અચાનક ચિંતા થવા માંડી? અત્યાર સુધી ગાંધીનગરમાં ગૌરવ લઈ શકાતું હતું ને એવું ગૌરવ મંડળના અત્યાર સુધીના હોદ્દેદારોએ લીધું પણ છે કે અમે ઉચ્ચ કક્ષાનું શિક્ષણ સાવ સામાન્ય ફીમાં પૂરું પાડીએ છીએ. શહેરમાં સૌથી ઓછી ફીમાં શિક્ષણ આપતી સંસ્થાઓમાં મંડળ સંચાલિત સ્કૂલ્સ જ આવતી હતી. પરંતુ હવે એ ગૌરવ તૂટ્યું છે.

સામાન્ય ફીને કારણે જ મંડળ સંચાલિત સ્કૂલ્સમાં એક જ પરિવારનાં સઘળાં બાળકો અભ્યાસ કરતાં હોય એવા અનેક કિસ્સા જોવામાં આવ્યા છે. કેટલાક સંજોગોમાં તો બીજી ને ત્રીજી પેઢી પણ આ સ્કૂલ્સમાં અભ્યાસ કરી રહી હોવાનું જોવામાં આવ્યું છે. પણ હવે એવા લોકો માટે સમસ્યાનું સર્જન થયું છે. ઉપરાંત પોતાની સામાન્ય સ્થિતિને કારણે બાળકોને મંડળ સંચાલિત સ્કૂલ્સમાં અભ્યાસ કરાવતા પરિવારોને પણ હવે સમસ્યાઓનો સામનો કરવો પડશે.

જાણવા એ પણ મળ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા જે ફી નિર્ધારણ કમિટી બનાવવામાં આવી હતી તેમાં આ સંસ્થાના ચૅરમૅન પણ સામેલ હતા. એ નાતે તો પોતાના મંડળ દ્વારા સંચાલિત સ્કૂલ્સની ફી ઘટાડીને એમણે દાખલો બેસાડવાની જરૂર હતી ને ઘટાડી ન શકે તો કમ-સે-કમ ન વધારીને પણ ઉદાહરણરૂપ બનવાની જરૂર હતી. એના બદલે આ તો સરકારે છૂટ આપી તો 'વહેતી ગંગામાં હાથ ધોઈ લઈએ' એવું કર્યું.

વિદ્યાર્થી દીઠ ૨૦૦ રૂપિયા જેટલી ફી વધારવામાં આવી છે. અચાનક આવી શું જરૂર પડી ગઈ ? અને એ પણ વાલીઓ સાથે કોઈપણ જાતની ચર્ચા વિના કે એમને વિશ્વાસમાં લીધા વિના ? લાગે છે કે દુનિયાની હવા હવે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને પણ લાગી ગઈ છે, એનેય શિક્ષણ એટલે 'નફો રળી આપતો ધંધો' એવું જ દેખાવા લાગ્યું છે !

'કર ભલા, હોગા ભલા'નો અર્થ બદલાતો હોય એવું દેખાઈ રહ્યું છે. જે ઉચ્ચ આદર્શો પર સંસ્થાની સ્થાપના થઈ છે એ આદર્શોને અવગણવામાં આવતા હોય એવું સ્પષ્ટ દેખાય છે.

હજી સમય છે ને દિવાળી પણ આવે છે. પુણ્ય કમાવાની ને લોકોનાં હૃદયમાં ખુશીના દીપ પ્રજ્વલિત કરવાની તક ચૂકવા જેવી નથી.

એક બાળકદીઠ ૨૦૦ રૂપિયાનો ફી વધારો એ સામાન્ય પરિવારો માટે બહુ મોટી બાબત છે. મંડળે દિલથી આ બાબતે વિચાર કરવો જોઈએ.

**- અમિતા વાઘેલા**

**આ વિભાગમાં પ્રસિદ્ધ થતાં લખાણો સાથે અખબાર, તંત્રી સંમત છે એમ માની લેવું નહીં**